13 વતનથી વિદાય થતાં



જયંત પાઠક

(જન્મ: 20-10-1920, અવસાન: 01-03-2003)

જયંત હિંમતલાલ પાઠકનો જન્મ ગોઠ (જિ.પંચમહાલ)માં થયો હતો. તેમણે દાહોદ અને સુરતની કૉલેજમાં અધ્યાપક તરીકે કામગીરી કરી હતી. 'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'મૃગયા', 'અનુનય' વગેરે તેમના કવિતાસંગ્રહો છે 'ક્ષણોમાં જીવું છું' તેમની સમગ્ર કવિતાનો ગ્રંથ છે.

'વનાંચલ' તેમની નોંધપાત્ર સ્મરણકથા છે. 'આધુનિક કવિતા પ્રવાહ', 'આલોક','ભાવયિત્રી','કિમપિ દ્રવ્યમ્' એમના વિવેચન ગ્રંથો છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સાહિત્ય અકાદમી, દિલ્હીના ઍવોર્ડ પ્રાપ્ત થયા છે.

વર્ષો પછી વતનમાં ગયેલા કાવ્યનાયકને વતનથી વિદાય થવાનું હોય છે ત્યારે અનુભવાતી પીડા આ સૉનેટમાં વ્યક્ત થઈ છે. ઘણાં વર્ષો પછી જે વન-જન, ખેતર-કોતર, ડુંગર-નદી મળ્યાં હતાં એમને છોડવાની ક્ષણ આવી ગઈ છે. જેમ ઢોર વેચાઈ ગયા પછી પોતાના મૂળ ઘરને ઝંખતું હોય એમ કવિ પોતાના મૂળ પરિવેશને ઝંખ્યા કરે છે. પગ ઉપડતા નથી. જેમ વહી ગયેલું પાણી પાછું આવતું નથી એમ વહી ગયેલો સમય પણ પાછો આવતો નથી. એક કૂતરો પણ થોડી વાર પાછળ પાછળ આવીને એની હદ પૂરી થતાં પાછો વળી જાય છે એ સ્વાભાવિકતાભર્યું આલેખન થયું છે. અંતે કાવ્યનાયકને ભ્રમ થાય છે કે જેમ બાળક રિસાય અને એની મા એને પાછું બોલાવતી હોય એમ મને મારી મા બોલાવે છે. પણ આ માત્ર ભ્રમ છે, હકીકત નહિ. આમ વતનવિચ્છેદને કારણે અનુભવાતી કરુણતાને ખૂબ સુન્દર રીતે કવિએ આ સૉનેટમાં મૂકી આપી છે.

એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ,
મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો, ખેતર;
આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર
વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ધણ.

કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે;
આંખો જાય ભરાઈ વાટ તરુની કાંટાળી ડાળી નડે;
હૈયું ઉઝરડાય રક્તટશિયા ફૂટે ધીમેથી ઝમે
આઘે વેકુરથી નદીની હજીયે આ આંગળીઓ રમે.

ચાલો જીવ, જવાનું આગળ, નહીં આ કાળના વ્હેણમાં
પાછા ઉપરવાસ શક્ય વહવું, પાણી લૂછો નેણનાં;
ભારો લૈ ભૂતનો શિરે વણપૂછ્યે શા વેઠિયા ચાલવું
સાથે શ્વાન, પૂરી થતાં હદ હવે એનેય પાછા જવું.

આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી-
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી !!

('અંતરીક્ષ'માંથી)

શબ્દ-સમજૂતી

શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

કોઢાર-ઢોરને બાંધવાની જગા; **કેડી**-સાંકડો પગરસ્તો, પગદંડી; **પાય**-પગ; **તરુ**-ઝાડ; **વેકુર**-નદીની કાંકરાવાળી જાડી રેતી; **ઉપરવાસ**-પવન કે પાણીના વહનની વિરુદ્ધ દિશા; **ભૂત**-ભૂતકાળ, થઈ ગયેલું; **વેઠિયા**-વગર મહેનતાણાથી કામ કરનાર

તળપદા શબ્દો

ભાળવું-જોવું; **તલખવું**-તલસવું, તડપવું; **ભીડવું**-બંધ કરવું; **આઘે**-દૂર; **લૈ**-લઈ

શબ્દસમૂહ માટે એક શબ્દ

ગાયોનો સમૂહ-ગોધણ

સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :

(1) કવિને શાની ભ્રમણા થાય છે?

(A) બે હાથ ઊંચા કરી બોલાવતી માતાની (B) શહેરની ગીચ વસ્તીની

(C) પોતાની પત્નીની (D) પુત્રની

(2) વતનથી વિદાય થતાં કવિ અનુભવે છે....

(A) શહેરી દુનિયાની મજા મસ્તી (B) ઉલ્લાસ અને આનંદ

(C) વતન પ્રત્યેનો તિરસ્કાર (D) વતન માટેનો તલસાટ

2. નીચેના પ્રશ્નનો એક વાક્યમાં ઉત્તર આપો :

(1) વતનથી વિદાય થતાં કવિ શેનાથી દૂર થઈ રહ્યા છે ?

3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :

(1) કવિના પગ આગળ જવા માંડ માંડ ઊપડે છે કારણ કે...

4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર આપો :

(1) વતનથી વિદાય થતા કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

(2) કાવ્યપંક્તિ સમજાવો.

આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચાં મને વારતી -

એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી !!

વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- વર્ગખંડમાં સમૂહમાં આ કાવ્યનું ભાવવાહી પઠન કરો.
- 'મારાં બાળપણનાં સંસ્મરણો' - વિશે નિબંધ લખો.
- 'વનાંચલ' સ્મરણકથા મેળવીને તેનો તમને ગમતો અંશ સંમેલનમાં કે વર્ગખંડમાં વાંચી સંભળાવો.

ભાષા-અભિવ્યક્તિ

- વતનથી વિદાય થતાં કવિ અનેક પ્રિય સંબંધોને, વસ્તુઓને છોડીને જાય છે, છતાં કવિ કાવ્યની શરૂઆતમાં જ લખે છે...

  'એ મૂક્યું વન, એ મૂક્યાં જન... મૂક્યાં ડુંગર ને નદી' બધું છોડી દીધું એમ સૂચવવા કવિએ 'મૂક્યું', 'મૂક્યાં' ક્રિયાપદો વાપર્યાં છે, જે વિશેષ અર્થમાં વપરાયાં છે તે નોંધો.

- ભાવની સમૃદ્ધિ વધારવા કવિએ ઉપમા અને રૂપક જેવા અલંકાર યોજ્યા છે તે જુઓ...' નહીં આ કાળના વહેણમાં પાછા ઉપરવાસ શક્ય વહવું' (રૂપક), 'વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર'(દૃષ્ટાંત), 'વણપૂછ્યે શા વેઠિયા ચાલવું' (ઉપમા).

- કવિ વતનની માયા સહજ રીતે છોડી શકતા નથી. આ વિહ્વળતા અસરકારક રીતે 'વળી વળી' (વળી શબ્દના પુનરાવર્તન) દ્વારા સૂચવાઈ છે. જુઓ...

  'આંખો બે રહી ભાળતી, વળી વળી પાછી.'

શિક્ષકની ભૂમિકા

ગામડાં પડી ભાંગ્યાં છે અને શહેરો બેફામ વિક્સી રહ્યાં છે તેવી સ્થિતિમાં કવિને વતન છોડતાં જે વેદના અનુભવાય છે તેની ચર્ચા કરવી.

પોતાના વતનનાં ઢોર-ઢાંખર, ઘર, વાડો, ખેતર, નદી, પર્વતો, કોતરો વગેરે આત્મીય સ્વજન જેવાં બની ગયાં છે પણ મન મક્કમ કરીને તે બધું છોડે છે. શહેરમાં ઉદ્દેશ વિનાનું મજબૂરીનું જીવન જીવવા વતન છોડનાર પોતાનો વિકાસ થતો હોવાનું સમજે છે તે કટાક્ષને પણ સ્પષ્ટ કરવો.

અંતિમ બે પંક્તિમાં ખેતરમાં બે હાથ ઊંચા કરી બોલાવતી પોતાની અને વતનની ધરતી મા દેખાય છે તે ભ્રમણા હશે? ભાવપલટો સૂચવતી આ પંક્તિમાં વતન ઝુરાપાની વેદનાની પરાકાષ્ઠા વ્યક્ત થઈ છે તે સમજાવવું.

●